**Capital World Pg 5 22nd June 2022**

# બિટકોઈનમાં તેજીની આગેકૂચ યથાવતઃ ભાવ વધીને ૨૧ હજારને પાર

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઉછાળો

**કેપિટલ સંવાદદાતા તા.૨૧**

ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં સુધારો આગળ વધ્યો છે. અમેરિકામાં ધારવામાં આવે છે એટલી જલદી મંદી નહીં આવે એવા આશાવાદને પગલે સ્ટોક્સ અને ક્રીપ્ટોકરન્સીમાં સુધારો થઈ રહ્યો છે.

અમેરિકામાં સ્ટોક્સ ફ્યુચર્સ વધ્યા છે. એસએન્ડપી ૫૦૦ના ફ્યુચર્સમાં ૧.૮ ટકા, ડાઉ જોન્સના ફ્યુચર્સમાં ૧.૬ ટકા અને નાસ્દાક ૧૦૦ના ફ્યુચર્સમાં ૧.૯ ટકાનો વધારો થયો છે. અમેરિકન પ્રમુખ જો બાઈડને સોમવારે કહ્યું હતું કે મંદી આવશે



જ એવું લાગતું નથી. ફેડરલ રિઝર્વ બૅન્ક ઑફ સેંટ લુઈસના પ્રેસિડન્ટ જેમ્સ બુલાર્ડે પણ કહ્યું હતું કે આ વર્ષે અર્થતંત્ર વૃદ્ધિના માર્ગે જઈ રહ્યું છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૪.૨૨ ટકા (૧૧૪૬ પોઈન્ટ) વધીને ૨૮૩૩૯ પોઈન્ટ બંધ રહ્યો હતો.